# NEET
# પ્રાયોગિક કૌશલ્યો
# 11

**વિભાગ A**

- નીચે આપેલા પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર લખો. (પ્રત્યેકના 4 ગુણ) **[120]**

**1.** **કાચનો વક્રીભવનાંક શોધવાનો પ્રયોગ ટ્રાવેલિંગ માઈક્રોસ્કૉપથી કરવામાં આવે છે. આ પ્રયોગમાં અંતરો ...... દ્વારા માપવામાં આવે છે.**

(A) માઈક્રોસ્કૉપ પરના સ્ક્રૂગેજ (B) માઈક્રોસ્કૉપ પરના વર્નિયર માપક્રમ
(C) પ્રમાણિત પ્રયોગશાળાની માપપટ્ટી (D) માઈક્રોસ્કૉપ પરના મુખ્ય માપક્રમ

**2.** **સ્ક્રૂગેજના વર્તુળાકાર માપક્રમના બે પૂર્ણ પરિભ્રમણ મુખ્ય માપક્રમ પર 1 મિમી જેટલું અંતર કાપે છે. વર્તુળાકાર માપક્રમ પર કુલ 50 વિભાગો છે. વધુમાં એ જોવા મળ્યું કે સ્ક્રૂગેજ પર – 0.03 મિમી જેટલી શૂન્ય ત્રુટિ જોવા મળી. પાતળા તારનો વ્યાસ માપતી વખતે વિદ્યાર્થી 3 મિમી જેટલું મુખ્ય માપક્રમનું અવલોકન નોંધે છે તથા મુખ્યક્રમ સાથે વર્તુળાકાર સ્કેલના કુલ 35 વિભાગો એક રેખસ્થ બને છે. તો તારનો વ્યાસ ...... મિમી થાય.**

(A) 3.38 (B) 3.32 (C) 3.73 (D) 3.67

**3.** **એક પ્રયોગમાં ખૂણાઓ એક સાધન દ્વારા માપવામાં આવે છે. મુખ્ય માપક્રમના 2 વિભાગો વર્નિયર માપક્રમના 30 વિભાગો જેટલા થાય છે. જો મુખ્ય માપક્રમનો સૌથી નાનો વિભાગ 0.5° હોય, તો સાધનની લ.મા.શ. ...... હશે.**

(A) એક મિનિટ (B) અડધી મિનિટ (C) એક અંશ (D) અડધો અંશ

**4.** **જ્યારે તારનો વ્યાસ માપવા સ્ક્રૂગેજ વાપરવામાં આવે છે ત્યારે નીચેના અવલોકનો મળે છે.**

**(1) મુખ્ય માપક્રમનું વાંચન : 0 મિમી**

**(2) વર્તુળાકાર માપક્રમનું વાંચન : 52 વિભાગો**

**જો મુખ્ય માપક્રમના 1 મિમી વર્તુળાકાર માપક્રમના 100 વિભાગો જેટલું થાય તો આ વિગતો પરથી તારનો વ્યાસ ...... થાય.**

(A) 0.52 સેમી (B) 0.052 સેમી (C) 0.026 સેમી (D) 0.005 સેમી

**5.** **સ્પેક્ટ્રોમીટરની મદદથી પ્રિઝમકોણ માપવાના પ્રયોગનાં અવલોકનો નીચે મુજબ છે.**

**(1) મુખ્ય માપક્રમનું અવલોકન**

**(2) વર્નિયર માપક્રમનું અવલોકન**

**વર્નિયર માપક્રમની કુલ 30 કાપા મુખ્ય માપક્રમના 29 કાપા સાથે એકરેખસ્થ થાય છે. આ માહિતી પરથી પ્રિઝમનો પ્રિઝમકોણ ...... થાય.**

(A) 58.77° (B) 58.65° (C) 59° (D) 58.59°

**6.** **વર્નિયર કૅલિપર્સમાં તેના વર્નિયર માપપટ્ટીમાં N વિભાગ મુખ્ય માપપટ્ટીના (N – 1) વિભાગ સાથે એક સીધી રેખામાં આવે તો વર્નિયરની લઘુત્તમ માપશક્તિ = ...... *cm*.**

(A) N (B) N – 1 (C) $\frac{1}{N-1}$ (D) $\frac{1}{10N}$

**7.** **જો વર્નિયર કૅલિપર્સની મુખ્ય માપપટ્ટી પર 1 સેમીના 10 ભાગો અને વર્નિયર માપક્રમપટ્ટી પર કુલ 20 વિભાગો છે, તો આ વર્નિયર કૅલિપર્સની લઘુત્તમ માપશક્તિ ...... સેમી છે.**

(A) $5 \times 10^{-1}$ (B) $5 \times 10^{-2}$ (C) $5 \times 10^{-4}$ (D) $5 \times 10^{-3}$

**8.** **માઈક્રોમીટર સ્ક્રૂ ગેજમાં વર્તુળાકાર માપક્રમ પર 100 કાપા છે. જ્યારે તેને બે પૂર્ણ પરિભ્રમણ ફેરવવામાં આવે છે ત્યારે તે 1 મિમી ખસે તો સ્ક્રૂ ગેજની લઘુત્તમ માપશક્તિ = ...... સેમી.**

(A) 0.005 (B) 0.0005 (C) 0.001 (D) 0.0001

**9.** **સાદા લોલકના એક પ્રયોગમાં લોલકનો ગોળો સરળ આવર્તગતિ કરે છે, તે *t* સમયમાં મધ્યમાન સ્થાનથી જમણી તરફના અંત્યબિંદુએ પહોંચે તો તેની કળામાં ફેરફાર = ...... રેડિયન.**

(A) $\frac{\pi}{4}$ (B) $\frac{\pi}{2}$ (C) $\frac{2\pi}{3}$ (D) $\frac{3\pi}{2}$

**10. સાદા લોલકનો આવર્તકાળ શોધવાનો પ્રયોગ ચંદ્ર પર કરતાં તેનું મૂલ્ય પૃથ્વી પરના મૂલ્ય કરતાં ......**

(A) શૂન્ય થાય (B) વધે (C) ઘટે (D) અચળ રહે

**11. સાદા લોલકના પ્રયોગમાં $T \rightarrow l$ નો આલેખ ...... થાય છે.**

(A) અતિવલય (B) ઉપવલય (C) પરવલય (D) સુરેખા

**12. સાદા લોલકના પ્રયોગમાં રૂની દોરીને બદલે ધાતુનો તાર વાપરવામાં આવે તો તેનો આર્વતકાળ ......**

(A) અચળ રહે (B) વધે (C) ઘટે (D) વધે કે ઘટે

**13. 500 સેમી$^3$ કદ ધરાવતા એક પદાર્થની વિશિષ્ટ ઘનતા 8 હોય તો પદાર્થનું દળ ...... કિગ્રા થાય.**

(A) 4 (B) 8 (C) 40 (D) 100

**14. સમાન લંબાઈ અને સમાન આડછેદવાળા બે તારોને આકૃતિમાં દર્શાવ્યા મુજબ લટકાવ્યા છે. તેમના યંગ મૉડ્યુલસ અનુક્રમે $y_1$ અને $y_2$ છે, તો તેમનું સમતુલ્ય યંગ મૉડ્યુલસ ...... થશે.**




(A) $y_1 + y_2$

(B) $\frac{y_1 + y_2}{2}$

(C) $\frac{y_1 y_2}{y_1 + y_2}$

(D) $\sqrt{y_1 y_2}$

**15. યંગ મૉડ્યુલસના પ્રયોગમાં એક ધાતુના બે તાર $x$ અને $y$ છે. તાર $x$ની લંબાઈ તાર $y$ કરતાં બમણી છે અને તાર $x$નો વ્યાસ તાર $y$ કરતાં અડધો છે. જો બંને તારને એકસરખા બળથી ખેંચવામાં આવે તો તેમની લંબાઈમાં થતા ફેરફારનો ગુણોત્તર ......**

(A) 4 : 1 (B) 1 : 4 (C) 1 : 8 (D) 8 : 1

**16. યંગ મૉડ્યુલસના પ્રયોગમાં જ્યારે તારના છેડે ચોક્કસ વજન લટકાવવામાં આવે ત્યારે તેની લંબાઈ 1 સેમી વધે છે. જો તે જ દ્રવ્યમાંથી બનેલા બીજા સમાન લંબાઈ અને અડધા વ્યાસવાળા તાર સાથે તેટલું જ વજન લટકાવવામાં આવે તો તેની લંબાઈમાં થતો વધારો ...... સેમી થશે.**

(A) 0.5 (B) 2 (C) 4 (D) 8

**17. તાપમાન વધવા સાથે સ્થિતિસ્થાપકતાનો યંગ મોડ્યુલસ ......**

(A) ઘટે છે. (B) વધે છે. (C) અસંગત રીતે બદલાય. (D) અચળ રહે.

**18. L લંબાઈ અને $r$ ત્રિજ્યાવાળા તારના દ્રવ્યનો યંગ મોડ્યુલસ $Y\,Nm^{-2}$ છે. જો તેની લંબાઈ ઘટાડીને $\frac{L}{2}$ અને ત્રિજ્યા $\frac{r}{2}$ કરતાં યંગ મોડ્યુલસ ...... થશે.**

(A) $\frac{Y}{2}$ (B) Y (C) 2Y (D) 4Y

**19. કેશાકર્ષણના પ્રયોગમાં કેશનળીમાં પ્રવાહી સ્તંભની ઊંચાઈ 4 સેમી મળે છે. જો આ કેશનળી કરતાં બમણી ત્રિજ્યાવાળી કેશનળી વાપરવામાં આવે તો પ્રવાહી સ્તંભની ઊંચાઈ ...... સેમી હોય.**

(A) 2 (B) 4 (C) 6 (D) 8

**20. સ્ટૉક્સના પ્રયોગમાં $2r$ વ્યાસની અને $a$ દળવાળી લખોટીને દિવેલ ભરેલા નળાકાર પાત્રમાં મુક્ત પતન કરાવવામાં આવે છે. જો લખોટીને કારણે $b$ જેટલું દળ ધરાવતું દિવેલ સ્થાનાંતરણ પામે તો લખોટીનો અંતિમ વેગ $V_t \propto$ ......**

(A) $a + b$ (B) $a - b$ (C) $\frac{a+b}{r}$ (D) $\frac{a-b}{r}$

**21. ન્યૂટનના શીતનના નિયમમાં વપરાતો અચળાંક શાના પર આધાર રાખે છે ? (જ્યાં $\frac{dv}{dt} = k'(T - T_s)$)**

(A) પદાર્થના દળ કે વિશિષ્ટ ઉષ્મા પર આધારિત નથી.
(B) પદાર્થના દળ કે વિશિષ્ટ ઉષ્મા પર આધારિત છે.
(C) પદાર્થના દળ પર જ આધારિત છે.
(D) પદાર્થની વિશિષ્ટ ઉષ્મા પર જ આધારિત છે.

**22. ન્યૂટનના શીતનના નિયમ પરથી પદાર્થનો ઠંડા પડવાનો દર ...... પર આધારિત છે.**

(A) $\frac{T}{T_S}$ (B) $\frac{T_S}{T}$ (C) $T + T_S$ (D) $T - T_S$

**23. અનુનાદ નળીના પ્રયોગમાં ...... બિંદુ ઉદ્‌ભવે છે.**

(A) પ્રસ્પંદ (B) નિસ્પંદ (C) પ્રસ્પંદ અને નિસ્પંદ (D) અર્ધ

**24. મીટરબ્રીજના પ્રયોગમાં મીટરપટ્ટીની સમાંતરે આવેલા બે ગૅપ પર અવરોધો અનુક્રમે 10 Ω તથા 40 Ω છે. જો અવરોધની અદલાબદલી કરવામાં આવે તો તટસ્થ બિંદુ ...... સેમી જેટલું ખસશે.**

(A) 20 (B) 40 (C) 60 (D) 80

**25. વ્હીસ્ટન બ્રીજના પ્રયોગમાં વિશિષ્ટ અવરોધ $1.7 \times 10^{-8}$ Ω m તથા અજ્ઞાત અવરોધનું મૂલ્ય 1 Ω છે. જો અવરોધક તારની લંબાઈ 25 સેમી હોય, તો તારની ત્રિજ્યા ...... મીમી થાય.**

(A) 0.0116 (B) 0.0367 (C) 0.116 (D) 0.367

**26. એક વિદ્યુતકોષને 10 Ω ના અવરોધ સાથે જોડેલ 120 સેમી અને 100 સેમી લાંબા તારને પૉટેન્શિયોમીટર અનુક્રમે ખુલ્લા અને બંધ પરિપથ સ્થિતિમાં સમતોલે છે, તો બૅટરીનો આંતરિક અવરોધ કેટલો થશે ?**

(A) 0.2 Ω (B) 2 Ω (C) 1.5 Ω (D) 3.5 Ω

**27. જો V – I નો આલેખ I અક્ષ સાથે 45° નો ખૂણો બનાવે તો પ્રયોગમાં વપરાયેલ વાહકતારનો અવરોધ ...... Ω હશે.**

(A) 1 (B) 45 (C) 90 (D) 22.5

**28. સમબાજુ પ્રિઝમના દ્રવ્યનો વક્રીભવનાંક $\sqrt{3}$ છે, તેનો ન્યૂનત્તમ વિચલનકોણ ...... હશે.**

(A) 30° (B) 45° (C) 60° (D) 75°

**29. ટ્રાન્ઝિસ્ટર પરિપથમાં કલેક્ટરપ્રવાહ 50 mA તથા બેજ પ્રવાહ 1 mA તો $\alpha$ = ......**

(A) $\frac{51}{50}$ (B) $\frac{50}{51}$ (C) 50 (D) 51

**30. PN જંક્શનને ...... બાયસ લગાડતાં તે વાહક તરીકે વર્તે છે.**

(A) ફૉરવર્ડ (B) રિવર્સ (C) એકેય નહિ (D) બંને

GYAN GATHA EDUCATION IS EMPOWERMENT